# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-04-2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **અમદાવાદ-વિરમગામ-માળીયા સહિતના રાજ્યના માર્ગોના વિકાસ માટે 247 કરોડ રૂપિયાના વિવિધ કામોને મુખ્યમંત્રીએ મંજૂરી આપી.**
2. **ઉનાળામાં સિંચાઇ અને પીવાનુ પાણી પુરતા પ્રમાણમાં પહોંચાડવા માટે સરકારની પ્રાથમિકતા.**
3. **કુવૈતથી આવેલા મુસાફર પાસેથી અમદાવાદ એરપોર્ટ પરથી કસ્ટમે 16 લાખ કરતાં વધુનું સોનુ જપ્ત કર્યુ.**
4. **બે દિવસ દરમિયાન રાજ્યમાં તાપમાનનો પારો ગગડવાની હવામાન વિભાગે આગાહી કરી.**
5. **ગીર સોમનાથમાં બંધ પડેલી બે સુગર ફેક્ટરી ફરી શરુ કરવા કવાયત હાથ ધરાતા ખેડૂતો ખુશખુશાલ.**
6. **I.P.L. ની મેચમાં રાજસ્થાન રોયલ્સ સામે દિલ્હી કેપિટલ્સનો વિજય.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM BHUPENDRA PATEL APPROVED

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલએ રાજ્યમાં 2 હજાર 999 કરોડના માર્ગ નિર્માણ અને સમારકામના પ્રગતિ હેઠળના વિવિધ કામ માટે 247 કરોડના કામોને મંજૂરી આપી. ઉપરાંત શ્રી પટેલે અમદાવાદ-વિરમગામ-માળીયા રસ્તા પર શાંતિપૂરાથી ખોરજ સેકશનને 800 કરોડના અંદાજીત ખર્ચે સિક્સ લેન કરવાની કામગીરી માટે પણ આ બેઠકમાં મંજૂરી આપી હતી.

ભૂજ-ભચાઉ રસ્તા પર બી.કે.ટી. ફેક્ટરી સામે 27 કરોડના ખર્ચે નવીન અંડરપાસ, ધાણેટી ગામે પાસે 17.50 કરોડના ખર્ચે નવીન અંડરપાસ, ભદ્રોઇ ગામ સામે 14.25 કરોડના ખર્ચે નવીન અંડરપાસ , દૂધઇ ગામ પાસે 17 કરોડના ખર્ચે નવીન અંડરપાસ સહિતના 76 કરોડના ખર્ચે 4 નવીન અંડરપાસની કામગીરીને પણ મંજૂરી આપવામાં આવી હતી.

વટામણ પીપળી રોડ પર શ્રી ભેટડીયા દાદા મંદિર તરફ જતાં રસ્તાની સામે 13.61 કરોડના ખર્ચે નવીન અંડરપાસ અને પીપળી ગામ સામે 15 કરોડના ખર્ચે નવીન અંડરપાસનો સમાવેશ થાય છે.

ગાંધીનગરમાં યોજાયેલ બેઠકમાં શ્રી પટેલે રાજ્યમાં અગત્યના માર્ગોના નિર્માણની માર્ગ વિકાસ નિગમ હસ્તકની કામગીરી વધુ ઝડપી બનાવી તેની ગુણવત્તા અંગે વિશેષ ધ્યાન રાખવાની બેઠકમાં સંબંધિત અધિકારીઓને સુચના આપી હતી.

---

# WATER SUPPLY

ઉનાળોમાં ખેડૂતોને સિંચાઇની જરૂરિયાત પૂરી પાડવા માટેની સરકારની પ્રાથમિકતા હોય છે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું, રાજ્યમાં દરેક જગ્યાએ પાણી આપવાની સરકારની તૈયારી છે. હાલ 15 હજાર 720 ગામ, 251 શહેરો અને 372 જેટલી જૂથ યોજના દ્વારા પીવાનું પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે.

## બાઇટ: ઋષિકેશ પટેલ

---

# AIR PORT GOLD SEIZED

અમદાવાદ કસ્ટમે ગઇકાલે કુવૈતથી અમદાવાદ આવેલા એક મુસાફર પાસેથી 167 ગ્રામ કરતાં વધુનું સોનુ જપ્ત કર્યું હતું.

કુવૈતથી અમદાવાદ આવતી ફ્લાઇટ દ્વારા આવેલા મુસાફરની શંકાસ્પદ હિલચાલને પરિણામે તેની પૂછપરછ અને તપાસ દરમિયાન આ ગેરકાયદે સોનું મળી આવ્યું હતું. મુસાફરે સોનુ બદામના પેકેટમાં છુપાવેલું હતું અને. મળેલા સોનાની બજાર કિંમત 16 લાખ કરતાં વધુની હોવાનું જાણવા મળ્યું છે.

---

# DIGITAL SEWA SETU

**રાજ્ય સરકારની ડિજિટલ સેવા સેતુ પહેલના કારણે અંતરિયાળ ગામડામાં પણ નાગરિક-કેન્દ્રિત સેવાઓ ઓનલાઈન મળી રહી છે. છેલ્લાં 2 વર્ષમાં 61 લાખથી વધુ લોકોએ સરકારી સેવાઓનો લાભ લીધો છે..**

**સાંભળીએ એક અહેવાલ..**

(વોઇસ કાસ્ટ- મયૂર સોલંકી)

*ગ્રામપંચાયતોને બ્રોડબેન્ડ કનેક્ટિવિટી પ્રદાન કરવાના ઉદ્દેશથી શરૂ કરાયેલા ભારતનેટ પ્રોજેક્ટ હેઠળ ઓપ્ટિકલ ફાઇબર નેટવર્ક દ્વારા રાજ્યના 8 હજારથી વધુ ગામોમાં 100 Mbps હાઇ સ્પીડ ઇન્ટરનેટની સુવિધા મળી છે. ભારતનેટ ફેઝ- 2 નેટવર્કનો ઉપયોગ કરીને ડિજિટલ સેવા સેતુ અંતર્ગત લગભગ એક કરોડ 57 લાખ ગ્રામીણ રહેવાસીઓને વિવિધ સેવાઓનો લાભ અપાયો છે.આ પહેલ હેઠળ 248 તાલુકાની 14112 ગ્રામ પંચાયતોને આવરી લેવામાં આવી છે. ઇ-ગ્રામ સેવા મારફતે ગ્રામ પંચાયતો 20 રૂપિયાની ફી સાથે 14 જેટલાં પ્રમાણપત્રો આપવામાં આવે છે.*

*મયૂર સોલંકી, આકાશવાણી સમાચાર, અમદાવાદ*

---

# WEATHER

**આગામી બે દિવસ બાદ રાજ્યના મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો ઘટાડો થવાની હવામાન ખાતાએ આગાહી કરી છે. હવામાન વિભાગના નિયામક એ.કે.દાસના જણાવ્યા અનુસાર આ વર્ષે લા નિનો સામાન્ય રહેતા રાજ્યમાં વરસાદ પણ સામાન્ય અને સામાન્ય કરતા વધુ રહેવાની શક્યતા છે.**

આગામી 48 કલાકમાં રાજ્યના મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા મળશે નહીં. રાજ્યમાં આવતીકાલે મહત્તમ તાપમાન 41 થી 45 ડિગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના છે.

## (બાઇટ - એ.કે.દાસ)

દરમિયાન, રાજ્યમાં છેલ્લા 24 કલાક દરમિયાન મહત્તમ 44.6 ડિગ્રી સેલ્સિયસ તાપમાન કંડલા એરપોર્ટ ખાતે નોંધાયું હતું. જ્યારે સુરેન્દ્રનગર અને રાજકોટ ખાતે 43 ડીગ્રી તો અમદાવાદ અને ગાંધીનગરમાં 42 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું.

---

# GIR SUGAR FACTORY

ગીર સોમનાથ જિલ્લામાં બે બંધ સુગર ફેક્ટરીને ફરી ધમધમતી કરવાનાં સરકાર ના પ્રયાસને સફળતા મળતા શેરડી પકવતા ખેડૂતોમાં ખુશીનો માહોલ સર્જાયો છે.

ગ્રીન બેલ્ટ ગણાતા કોડીનાર અને તાલાળા પંથકમાં એક સમયે શેરડીનું વાવેતર પણ પુષ્કળ પ્રમાણમાં થતું. જેનો સીધો ફાયદો પણ ખેડૂતોને મળતો પરંતુ એક સાથે તાલાળા કોડીનાર અને ઉના સુગર ફેક્ટરી એકાએક બંધ થતા ખેડૂતો શેરડીનો પાક ઓછો લેતા થયા હતા. કારણ કે, તેને પોષણક્ષમ ભાવ મળતો ન હતો.

શેરડી પકવતા ખેડૂતોને પોતાની મહેનતે ઉગાવેલી શેરડી ગોળના રાબડામાં અથવા તો ચારા માટે આપવી પડતી. પરંતુ યોગ્ય ભાવ મળતા નહીં.હવે જ્યારે

કોડીનાર અને તાલાળા સુગરમિલ ફરી શરૂ થવા જઈ રહી છે ત્યારે ખેડૂતોને મોટી આશ બંધાઈ હોવાનું ખેડૂત દુર્લભભાઇ બાલધાએ જણાવ્યું હતું..

**દુર્લભભાઈ બાલધા-ખેડૂત**

તાજેતરમાં ઇન્ડિયન પોટાશ લિમિટેડ કંપની દ્વારા કોડીનાર અને તાલાળાની બંધ સુગર મિલોને ફરી ધમધમતી કરવા માટે ખાતમુહૂર્ત કરાયું હતું.આગામી થોડા માસમાં જ આ બંને સુગર ફેક્ટરીઓ ફરી ધમધમતી થશે. જેના કારણે ખેડૂતોએ ઊત્સાહ સાથે શેરડીના પાકનું વાવેતર વધારી દીધું છે.

---

# RAJPIPALA SMART METER

રાજપીપલામાં દક્ષિણ ગુજરાત વિજકંપની લિમિટેડ દ્વારા ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખની હોસ્પિટલ-ઘર પર સ્માર્ટ મીટર લગાવીને કામગીરીનો પ્રારંભ કર્યો હતો.

નાંદોદના ધારાસભ્યે સ્માર્ટ મીટર લગાવ્યા બાદ પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, સ્માર્ટ મીટર લગાડવાથી પ્રિ-પેઈડ અને પોસ્ટ-પેઈડની જેમ મોબાઇલમાં રીચાર્જ થાય છે એવી રીતે જ રિચાર્જ કરી શકાશે.

લાઈટ બિલ પણ સરળતાથી ભરી શકાશે. પ્લે-સ્ટોર એપ્લીકેશન દ્વારા ગ્રાહક પોતાની આઇડી દ્વારા સરળતાથી વીજ વપરાશની માહિતી જોઇ શકશે. સ્માર્ટ મીટર લગાડવા માટે અન્ય વીજ ગ્રાહકોને પણ તેમણે અપીલ કરી હતી.

આ અંગે વધુ માહિતી આપે છે

**(બાઇટ- બી.પી.પટેલ, ડીજીવીસીએલ, કાર્યાપાલક ઈજનેર)**

---

# CM MITHILA BAS GAYA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ડોક્ટર ખ્યાતિ પુરોહીત દ્વારા લખાયેલી 'મુઝ મેં મિથિલા બસ ગયા-મિથિલાંચલ ડાયરી 'નું વિમોચન કરવામાં આવ્યું હતું. જ્યારે જનસામાન્યની અભિવ્યક્તિની મર્યાદા આવે , ત્યારે સાહિત્યકારનો અવાજ બુલંદ થાય છે તેમ તમણે વિમોચન પ્રસંગે જણાવ્યું હતું . વાંચન-અભ્યાસ કરીને ચિંતન કરવાનો અભિગમ કેળવવા ઉપર પણ તેમણે ભાર મૂક્યો હતો.

અખિલ ભારતીય સાહિત્ય પરિષદના રાષ્ટ્રીય સંગઠન મંત્રી શ્રીધર પરાડકરની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે , ઐતિહાસિક ધરોહરો મૂલ્ય વિશેષ છે, તેની મુલાકાત વેળાએ અંતરમનથી અનુભૂતિ કરીએ છીએ.

---

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.L. ટી-20 ક્રિકેટમાં ગઈકાલે દિલ્હી કૅપિટલ્સે રાજસ્થાન રૉયલ્સને સુપર ઑવરમાં પરાજય આપ્યો હતો. દિલ્હીના અરૂણ જેટલી સ્ટેડિયમમાં બંને ટીમનો સ્કોર બરાબર થતાં મૅચનો નિર્ણય સુપર ઑવરથી થયો હતો.

આ વખતની I.P.L.ની આ પહેલી મૅચ હતી , જેનો નિર્ણય સુપર ઑવરથી થયો. દિલ્હી કૅપિટલ્સે નિર્ધારિત 20 ઑવરમાં પાંચ વિકેટ ગુમાવી 188 રન

બનાવ્યા હતા. દરમિયાન રાજસ્થાન રૉયલ્સે પણ 20 ઑવરમાં ચાર વિકેટ ગુમાવી 188 રન બનાવી લીધા હતા.

ત્યારબાદ સુપર ઑવરમાં રાજસ્થાન રૉયલ્સે માત્ર 11 રન બનાવ્યા. જ્યારે દિલ્હી કૅપિટલ્સે બે બૉલ બાકી રહેતા જ વિજય મેળવ્યો હતો. હવે આજે I.P.L. ક્રિકેટમાં, મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં સનરાઈઝર્સ હૈદરાબાદ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મૅચ રમાશે. આ મૅચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

---